નાની છોકરી અને જ્હોન મ્યુર

યોસેમિટી ઘાટીની ભવ્યતા વિષે 1868 માં થોડાક જ સાહસી લોકોને જાણકારી હતી. એ ઘાટીમાં પ્રવાસન પ્રોત્સાહકોમાં સૌથી અગ્રણી અંગ્રેજી પત્રકાર જેમ્સ હચિંગ્સ હતા, જેની દીકરી ફ્લોય ત્યાં જન્મ લેવાવાળી પહેલી શ્વેત બાળકી હતી. એ ઉત્સાહી છોકરી, જેને સ્કવીરલ (ખિસકોલી) ના નામથી બોલાવવામાં આવતી હતી, મોટે ભાગે પોતાની દેખભાળ પોતે જ કરતી હતી. મહેમાન એને અતિશય તોફાની સમજતા હતા. જયારે એના પિતાએ જ્હોન મ્યુરને લાકડાં વહેરવાનું કારખાનું ચલાવવા અને હોટલમાં સુધારા કરવા માટે કામ પર રાખ્યો, તો ફ્લોય પડછાયાની જેમ એની પાછળ રહેતી. મ્યુર બળવાન અને સક્ષમ યુવક હતો જે ફૂલો સાથે વાતો કરતો હતો, બરફનો અવાજ સાંભળતો હતો, હવાને જોતો હતો. ફ્લોય મોટી થવા ચાહતી ન હતી કારણકે મોટી થઈને એ એક સભ્ય મહિલા થવા ચાહતી ન હતી. મ્યુર સામાજિક બંધનોથી દૂર, પ્રકૃતિની નિકટ રહેવા ચાહતો હતો. બંનેને યોસેમિટી ઘાટીમાં પોતાના જીવનના ધ્યેય મળ્યા. મ્યુરે ફ્લોયને પ્રકૃતિને જાણવા અને સમજવાનું શીખવ્યું.

આ વાર્તા એ વ્યક્તિઓની છે જેણે પ્રકૃતિ સાથે એક ઊંડો સંબંધ સ્થાપિત કર્યો.



નાની છોકરી અને જ્હોન મ્યુર

જેમ્સ હચિંગ્સ

એલ્વિરા હચિંગ્સ

ફ્લોય હચિંગ્સ

કોસી હચિંગ્સ

મિસિસ સ્પ્રોટ અને
વિલિયમ હચિંગ્સ



પર્વતોની તળેટીમાં સ્થિત, ગાલીચાની જેમ ફેલાયેલું, એક એકલવાયી ઘાટીમાં હચિંગ્સનું એક સામાન્ય ઘર હતું. એ ઘરની સંભાળ જેમ્સ હચિંગ્સ, એની પત્ની એલ્વિરા, અને એની માઁ મિસિસ સ્પ્રોટ રાખતા હતા. એના ત્રણ બાળકો હતા, બેટી ફ્લોય, એની બહેન કોસી અને નાનો ભાઈ વિલિયમ.

ફ્લોય, યોસેમિટી ઘાટીમાં જન્મ લેનારી પહેલી શ્વેત સંતાન હતી. એ એક ખિસકોલીની જેમ અહીં-ત્યાં ભાગતી રહેતી હતી, એટલે એના પાપા એને સ્કવીરલ (ખિસકોલી) બોલાવતા હતા. પાપા કહેતા હતા કે યોસેમિટી ઘાટી દુનિયાની સૌથી સુંદર જગ્યા હતી. ફ્લોયે તો બીજી કોઈ દુનિયા જોઈ પણ ન હતી.



પરિવારના પાળેલા પોપટ સાથે વાતો કરીને, લાકડાના ઢગલા પાસે પાટિયા પર સંતુલન સાધીને, દેડકાને પકડીને, અને કાદવના કેક જેવા ગોળાકાર આકાર બનાવીને ફ્લોય એનો સમય વ્યતીત કરતી હતી.



પાપા પત્રિકાઓમાં લેખ લખતા હતા જેને વાંચીને લોકો ઘાટીની સુંદરતા જોવા માટે પ્રોત્સાહિત થતા હતા. ઘોડા ઉપર એક કઠિન મુસાફરી કર્યા પછી લોકો ત્યાં આવતા હતા, હોટેલમાં રોકાતા હતા અને પાપા સાથે માર્ગદર્શિત પ્રવાસ કરતા હતા.

ફ્લોય પર્યટકો પાસે દોડીને જતી હતી અને એને પૂછતી હતી, "તમે કેમ આવ્યા છો? શું તમે સાપથી ડરો છો? મને ડર નથી લાગતો. જો સાપ તમને ડંખ મારશે તો હું તમને બચાવી લઈશ. રીંછથી ડરો છો?" પછી એ રીંછની જેમ ઘૂરકતી.

"કેવી અનોખી છોકરી છે?" એ ગુસપુસ કરતા.

ફ્લોય પાપા સાથે જતી હતી. પણ એક વાર પર્યટકોની એક ટોળી એને અનુકૂળ આવે એવી ન હતી, એટલે ફ્લોય એને છોડીને એકલી જ હરણની પગદંડી પર જતી રહી અને અંધારું થયા પછી જ મળી હતી.

"હું તારું અને પર્યટકોનું ધ્યાન એક સાથે રાખી શકું નહીં!" પાપાએ કહ્યું. "હવેથી તારે ઘરે જ રહેવું પડશે."

એક વાર તબેલાના થોડા છોકરાઓએ એને એવા ઘોડાની સવારી કરવાની હિંમત કરવાનું કહ્યું જેને તાલીમ અપાઈ ન હોય.

"તું ક્યાં હતી, જંગલી છોકરી!" નાનીએ બૂમ પાડીને કહ્યું. "મહેમાન તને જુએ, એ પહેલા નાહી-ધોઈને સાફ થઈ જા!"

રાતે પાપા મહેમાનોને શેક્સપિયરના નાટક વાંચીને સંભળાવતા હતા. પછી ફ્લોય એને કપડાં બદલાવતા જોતી.

એક દિવસ એક મહિલાએ એને દબાયેલા અવાજે હસતા સાંભળી અને એની ફરિયાદ કરી. "મિસ્ટર હચિંગ્સ, તમારી છોકરી તો જંગલી છે!"

પાપાએ નક્કી કર્યું કે મહેમાનોને વધારે અંગત જગ્યાની જરૂર છે, અને એને અલગ-અલગ રૂમ આપવા પડશે. એ પાણીથી ચાલતું લાકડા વહેરવાનું મશીન લાવ્યા. પણ એ મશીનને એ એકલા ચલાવીને હોટેલમાં કોઈ સુધારો ન લાવી શક્યા.

એક દિવસ એક માણસ લટાર મારતો હોટેલમાં આવ્યો, જાણે વિધાતાએ જ એને ત્યાં મોકલ્યો હોય. "હું જ્હોન મ્યુર છું," એણે કહ્યું. "હું કામ શોધી રહ્યો છું."

"આ યોગ્ય માણસ છે," એની સાથે વાત કર્યા પછી પાપાએ જોરથી કહ્યું. "એ લાકડા વહેરનાર, સુથાર અને શોધક છે!"



ફ્લોય એની સામે એક ગરોળી ઝુલાવવા લાગી. પ્રવાસી મહિલાઓ સામાન્ય રીતે ચીસો પાડતી.

"હેલો, નાની ગરોળી," મ્યુરે કહ્યું. એણે ફ્લોયને કહ્યું, "મને લાગે છે કે એ સ્વતંત્ર રહેવા ચાહે છે, આપણી જેમ."

ફ્લોયે એને ઘૂરીને જોયો અને ગરોળીને જમીન પર મૂકી દીધી.

"એને હેરાન ન કર," પાપાએ કહ્યું.

પાપા અને જ્હોન મ્યુરે લાકડા વહેરવાનું મશીન તૈયાર કર્યું અને લાકડીના પાટિયા કાપવા લાગ્યા. જ્હોન મ્યુરે પોતાને માટે એક નાનું ઘર બનાવ્યું. એના પલંગને એણે છતથી લટકાવ્યું, અને કાચી માટીના ભોંયતળિયામાંથી પાણીની ધારા વહેવા દીધી.



જ્હોન મ્યુર ખંતથી કામ કરતો હતો. પણ ઘાટીમાં ફરવા માટે એ સમય કાઢી લેતો હતો. એક દિવસ ફ્લોય એની પાછળ-પાછળ નદી કિનારે ચાલતી રહી. એ વહેતા પાણીના પ્રવાહમાં આગળ ગયો અને એક ચટ્ટાન પર સૂઈ ગયો. થોડી મિનિટો પછી, ફ્લોય ચૂપ રહી ન શકી.

"તમે શું કરી રહ્યા છો?" એણે બૂમ પાડીને પૂછ્યું.

"હું એ જાણવાનો પ્રયાસ કરી રહ્યો છું કે નદીનો પથ્થર હોવાનો અનુભવ કેવો હોય છે?" એણે કહ્યું.



"પથ્થરો અનુભવતા નથી," તેણે કહ્યું.

"કદાચ કરતા હોય. આપણે જાણતા નથી કે આપણે એને પૂછવું કેવી રીતે?" એણે પૂછ્યું.

"શું તમે પાગલ છો?"

જ્હોન મ્યુરે સ્મિત કર્યું.

નાની સ્પ્રાઉટ હવામાનની આગાહી કરવાનું જાણતા હતા. જયારે નાનીએ કહ્યું કે બરફ પડવાનો છે, તો જ્હોન મ્યુર એવી રીતે બહાર ભાગ્યા જાણે એના ઘરમાં આગ લાગી હોય.

"તમે ક્યાં જઈ રહ્યા છો?" ફ્લોયે પૂછ્યું.

"હું બરફના ટૂકડાના પડવાનો અવાજ સાંભળવા જઈ રહ્યો છું," એ બોલ્યો.

"મને કંઈ સંભળાતું નથી," ફ્લોયે કહ્યું.

"હજી તું સંપૂર્ણ રીતે શાંત નથી," મ્યુરે દોડતા કહ્યું.

વસંત ઋતુમાં જયારે ઘાટીમાં દરેક જગ્યાએ ફૂલ ખીલ્યા હોય ત્યારે ફલોયે જ્હોન મ્યુરને એને ચીડવતા સાંભળ્યો.

"તું અહીં કેવી રીતે આવી, ભૂરી આંખોવાળી વ્હાલી?" એણે એક ફૂલને પૂછ્યું. "શું ગયા વર્ષે મેં તને માઈલો દૂર જોઈ ન હતી?"

એણે એના રૂમાલમાં, એના ખિસ્સામાં, અને ખમીસના આગળના ભાગમાં ઘણા ફૂલ, પાંદડા, ડાળખીઓ અને કાંકરા ભરી લીધા.

એક ઉકળાટવાળી બપોરે ગાજવીજ સાથે વાવાઝોડું અચાનક તૂટી પડ્યું અને નાની કોસીને રડાવી ગયું.

"ડર નહીં," મ્યુરે પ્રેમથી કહ્યું. "તોફાન તો પ્રકૃતિની શોભા હોય છે." એણે એનું જેકેટ પહેરી લીધું.

"શું તમે બહાર જઈ રહ્યા છો?" ફ્લોયે પૂછ્યું.

"આ તેજ હવામાં મારે વૃક્ષને ગાતા સાંભળવા છે," એણે કહ્યું.

ફ્લોયે એને ઘરની અંદરથી જ એક ઝાડ પર ચઢતા જોયા. એ ડાળને પકડીને ઝૂલી રહ્યા હતા, એવી જ રીતે જેમ એક (બોબોલિંક) નાનું પક્ષી ઘાસની પોલી સળી પર હિલોળા લે છે.

"આ માણસ તો એક સ્કૂલના છોકરા જેવો વ્યવહાર કરે છે," પાપાએ કહ્યું.

જયારે એને રજા મળતી તો એ પર્વત પર ચઢવા જતો. ફ્લોય એને ત્યાં સુધી જોતી જ્યાં સુધી એ દ્રષ્ટિથી ઓઝલ ન થઈ જતો. કલાકો પછી એ કૂદતો-કૂદતો નીચે આવતો.

"તમે ઉપર શું કરો છો?" ફ્લોયે એને પૂછ્યું.

"હું જોઉં છું," એણે કહ્યું.

"અરે, એ તો કંઈ વાત ન થઈ," ફ્લોય બોલી.

જ્હોન મ્યુર ઘૂંટણિયે બેસી ગયો. "આ જો," એણે કહ્યું.

"આ તો બસ થોડી કીડીઓ છે," ફલોયે ઉત્તર આપ્યો.

"હવે પાછું જો," એણે ફ્લોયને એક બૃહદદર્શક કાચ આપીને કહ્યું.

ફ્લોય ચકિત થઈ ગઈ. એક મોટી કીડી એના જડબામાં પાંદડાને કચડી રહી હતી.

"અહીં આ અનુસરવા માટેનો બીજો માર્ગ જો," મ્યુરે કહ્યું.

"મને દેખાતું નથી," ફ્લોય બોલી.

"તીતીઘોડો," મ્યુર બોલ્યો. "હવે એ ક્યાં ગયો?"

"ત્યાં," ફલોયે એને ઉડતા જોઈને ચીસ પાડી.

ફ્લોય મંત્રમુગ્ધ થઈ ગઈ. બૃહદદર્શક કાચનો પ્રયોગ કરીને એ પાંદડાની નીચેની બાજુ ચોંટીને બેઠેલું નાનું કીટક જોતી, ઝાકળનું બિંદુ જોતી જેમાં સંસાર સમાયેલો લાગતો.

જ્હોન મ્યુરે એને જનાવરો, પક્ષીઓ, અને છોડના નામ બતાવ્યા અને જણાવ્યું કે કેવી રીતે એ બધું સાંભળી લેતો હતો જે એ એને કહેતા હતા.

"જે કંઈ પણ પાસે છે અને નાનું છે, એને જોવાનું તેં શીખી લીધું છે," એણે કહ્યું. "હવે આપણે પર્વતોને નિહાળવા તૈયાર છીએ."

ફલોયે આંખો ઉઠાવીને જોયું. "એ આપણી સામે તાકી રહ્યા છે," એ બોલી. "એ આપણી સાથે વાતો કરી રહ્યા છે," મ્યુર બોલ્યો.

મ્યુરનો વિશ્વાસ હતો કે ત્યાંના પર્વતો અને ઘાટીઓ હિમપ્રવાહને લીધે લાખો વર્ષો પહેલા બન્યા હતા. જયારે એ પર્વતો પર ચઢતો હતો, ત્યારે એક છાજલીથી બીજી છાજલી પર એવી રીતે ચઢતો જતો હતો જાણે વાદળો એને ઉપર ઉંચકતા હોય. વાદળોને એ 'આકાશના દૂત' કહેતો હતો.

"હું એ હિમપ્રવાહની નિશાની શોધી રહ્યો છું," એણે કહ્યું. "બરફ મારી વાતને સાચી સાબિત કરી દેશે."



જ્હોન મ્યુર ફ્લોયને રીંછના પગના નિશાનને અનુસરતા રસ્તા પર જંગલમાં લઈ ગયો. એણે જણાવ્યું કે ઉત્તર દિશામાં એણે એક જગ્યા શોધી છે જ્યાંથી બધી બાજુ નજર રાખી શકાય.

"મેં એનું નામ "સનીસાઈડ બેન્ચ" રાખ્યું છે," એણે કહ્યું. "ત્યાં બેસીને હું ઘણી વાર જોતો રહ્યો અને અંતે મને દેખાયું! ઘાટીમાં એક બાજુથી બીજી બાજુ હિમપ્રવાહના નિશાન છે - એવી ચટ્ટાનો જે બરફના ઘસારાથી સુંવાળા થઈ ગયા છે. એનાથી ખબર પડે છે કે યોસેમિટી ઘાટી કેવી રીતે બની હતી."

"શું તમે મને "સનીસાઈડ બેન્ચ" લઈ જશો?" ફ્લોયે પૂછ્યું.

"કોઈક દિવસ," મ્યુરે કહ્યું, "જયારે તું સક્ષમ થઈ જઈશ."



સાંજનો સમય જ્હોન મ્યુર પરિવાર સાથે વિતાવતો અને એ લેખને પૂરો કરતો જેમાં હિમપ્રવાહના સિદ્ધાંતની એણે વ્યાખ્યા કરી હતી. એ લેખ એણે 'ન્યુ યોર્ક' સમાચારપત્રમાં મોકલાવ્યો. "કદાચ એ એને પ્રકાશિત કરી દે," એણે કહ્યું.

પાપાએ ફરિયાદ કરી, "હું એને આવી મૂર્ખતાપૂર્ણ વાતો પર સમય વેડફવા માટે પગાર નથી આપતો. વૈજ્ઞાનિકો કહે છે કે અહીં ક્યારેય કોઈ હિમપ્રવાહ ન હતા. એ મ્યુરને અભણ કહી રહ્યા છે."

પણ ટૂંક સમયમાં થોડા વૈજ્ઞાનિકો મ્યુરના આ વિચારનું સમર્થન કરવા લાગ્યા કે યોસેમિટી ઘાટી હિમપ્રવાહને લીધે જ બની હતી. પર્યટકોનું એક જૂથ આવ્યું. એમની પાસે સમાચારપત્રની કાપલીઓ હતી, અને એ પ્રસિદ્ધ ભોમિયા જ્હોન મ્યુરને મળવા માટે આતુર હતા.

જૂથમાં જે મહિલાઓ હતી એ દંભી સ્મિત કરતી હતી અને અતિશય લાગણીના ઉભરા સાથે બોલતી હતી. મ્યુર બહુ 'નમણો' હતો, બહુ 'કાવ્યાત્મક' હતો, અને એનો સિદ્ધાંત બહુ 'રોચક' હતો.

ફ્લોયને લાગ્યું કે એ બધા અણસમજુ હતા. એને લાગ્યું કે મ્યુર એને કહી દેશે કે એ બહુ વ્યસ્ત હતો અને એનો ભોમિયો બની નહીં શકે.

"હા, એ અણસમજુ છે," એણે કહ્યું. પણ એ યોસેમિટી ઘાટીને એટલો પ્રેમ કરતો હતો કે એના વિષે વાત કરવાથી પોતાની જાતને રોકી શકતો ન હતો. ફ્લોય પણ એની સાથે ગઈ.

એણે હિમપ્રવાહ વિષે જણાવ્યું અને ફ્લોયને કહ્યું કે એ પશુઓ અને વનસ્પતિના નામ બતાવે.

"જયારે આપણે પ્રકૃતિમાં કોઈ એક વસ્તુને પસંદ કરીયે છીએ," એણે પર્યટકોને જણાવ્યું, "તો આપણને ખબર પડે છે કે એ બીજી બધી વસ્તુઓ સાથે સંકળાયેલી છે."

બે મહિલાઓએ બેભાન થવાનો ઢોંગ કર્યો. થોડાએ મધમાખીના ડંખનો અને ફાટેલા કપડાનો અને પગ દુઃખવાનો કકળાટ કર્યો. પણ પાછા જઈને એ લોકો સિયેરાના સૌમ્ય પ્રતિભાશાળી પુરુષના ગુણગાન કરવા લાગ્યા હતા.

જેટલા વધારે લોકો આવીને જેમ્સ હચિંગ્સને બદલે જ્હોન મ્યુરને માર્ગદર્શક બનવાનું કહેતા, એટલા જ પાપા વધારે ક્રોધિત થતા. આખરે એની ધીરજ ખૂટી ગઈ.

"મ્યુર, તું મારો ભાડે રાખેલો માણસ છે," એમણે બૂમ પાડી, "કાં તો તું અહીં કામ કર અથવા તું જઈ શકે છે."

મ્યુરે કહ્યું, "તો પછી હું કામ છોડીને જઈ રહ્યો છું."



ફ્લોય એની પાછળ દોડી.

"હું તમને જવા નહીં દઉં!" એણે કહ્યું.

"મારે સંસારમાં ઘણા કામ કરવા છે," એ બોલ્યો.

ફ્લોય એની વાત સમજી ગઈ. એણે ચીસ પાડી, "હું તમને નફરત કરું છું!" અને ભાગી ગઈ.



મ્યુર એની પાછળ દોડ્યો. "આવ, સ્કવીરલ, મારી પાછળ આવ," એણે એનો હાથ આગળ કર્યો.

"હું તને 'સનીસાઈડ બેન્ચ દેખાડું. હવે એ તારી છે."

ફ્લોયે એના આંસુ લુછ્યા.

"બધું બદલાય જાય છે, ફ્લોય. એ જ પ્રકૃતિનો પહેલો નિયમ છે."



ઉપર જતી વખતે એ 'હાઈલેન્ડ મેરી' ગીત ગાઈ રહ્યો હતો. વચ્ચે-વચ્ચે એ બૂમ પાડીને બોલાવતો, "સ્કવીરલ, તું આવે છે ને?"

એ ઉત્તર આપતી, "હાઆઆ..." અને તેનો અવાજ ધીમો પડતો અને છેવટે બંધ થઈ જતો સાંભળતી.



ખીણ નીચે ફેલાયેલી હતી. ફ્લોયની દ્રષ્ટિએ, તે જ આખી દુનિયા હતી. પેલે પાર, ધુમ્મસમાં, બાકીનું બધું જ હતું, જ્યાંથી મ્યુર આવ્યો હતો અને જ્યાં એ પાછો જઈ રહ્યો હતો.

"હવે તને અહીંનો રસ્તો ખબર છે," મ્યુર બોલ્યો, "મને લાગે છે, અહીં તને તારા સૌથી શ્રેષ્ઠ વિચારો આવશે."

એ ઘણા સમય સુધી ત્યાં બેસી રહ્યા. દૂર ક્ષિતિજમાં સૂર્ય અસ્ત થઈ રહ્યો હતો. પછી તેઓ પહાડી બકરીઓની જેમ ડુંગર ઉપર જરાય લપસ્યા વગર, પડવાના ડર વગર, એકદમ સચોટ અને કુશળતાપૂર્વક ઝડપથી નીચે કૂદકા મારતા ઉતરી ગયા.

સમાપ્ત